# વિશ્વ પર્યાવરણ દિવસે પાટનગરમાં ૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર

## શહેરમાં વૃક્ષારોપણ ઉપરાંત પર્યાવરણ જાગૃતિ રેલી સેમિનાર, સ્વચ્છતા અભિયાન સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્યના હરિયાળા પાટનગર ગાંધીનગરમાં આજે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અનેકવિધ કાર્યક્રમ યોજાયા હતા જેમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમોમાં શહેરમાં અંદાજીત ૫૦૦થી વધુ નવા વૃક્ષોનું વાવેતર થવા પામ્યું હતું. આ ઉપરાંત શહેરમાં પર્યાવરણ જાગૃતિ રેલી, સ્નેહમિલન, સેમિનાર, સ્વચ્છતા અભિયાન તથા કવિસંમેલન અને જરૂરિયાતમંદોને ખીચડી-છાશ ઉપરાંત પગરખાં વિતરણ



જેવા કાર્યક્રમો યોજાયા હતા.

**ઈન્દ્રોડા નેચર પાર્કમાં ગીર ફાઉન્ડેશનનું સ્વચ્છતા અભિયાન**

શહેરના સુપ્રસિદ્ધ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા નેહરૂ યુવા કેન્દ્રના સહયોગથી સ્વચ્છતા અભિયાન યોજાયું હતું જેમાં ગીર ફાઉન્ડેશનના તમામ કર્મચારીઓ, નેહરૂ યુવા કેન્દ્રના સ્વયંસેવકો તથા હેપ્પી યુથ ક્લબના સ્વયંસેવકો જોડાયા હતા. આ સ્વચ્છતા અભિયાન દરમ્યાન પ્રકૃતિ ઉદ્યાનમાંથી પ્લાસ્ટિક બેગ્સ, પાઉચ, પાન-મસાલાના પાઉચ, બોટલો ઉપરાંત અન્ય મળીને અંદાજે ૩૦૦ કિલો કચરો એકત્રિત થવા પામ્યો હતો. સમગ્ર સ્વચ્છતા અભિયાન ગીર ફાઉન્ડેશનના વન અધિકારી આલાપ પંડિતના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યું હતું.

**જીસીસી, રેડક્રોસ તથા સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજનું વૃક્ષારોપણ**

ગાંધીનગરના સે. ૩૦માં મુક્તિધામ ખાતે ‘‘ગાંધીનગર ચમકાવું છે’’ ગ્રુપ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા તથા સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા ૨૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ વૃક્ષોમાં ૧૦૦ લીમડાં, ૨૫ ઉમરા, ૨૫ ગરમાળા, ૧૦ વડ, ૧૦ પીપળા, ૧૦ ખીજડાં, ૧૦ સપ્તપર્ણી, ૧૦ કદમનો સમાવેશ થાય છે. આ પ્રસંગે પર્યાવરણપ્રેમી નિવૃત સનદી અધિકારી ડૉ. એચ.બી. વરિયા, વઘાસીયા સાહેબ, ગોવિંદભાઈ, ડૉ. કવિન ભટ્ટ, જીલુભા ધાંધલ, અશ્વિનભાઈ દવે તથા જીસીસી ગૃપના મેહુલ તુવાર, જયેશ બ્રહ્મભટ્ટ, રતિલાલ પ્રજાપતિ સહિત યુવક-યુવતિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ વૃક્ષારોપણના સમાપને વાવવામાં આવેલા દરેક છોડનું નિયમિત જતન કરવાની જવાબદારી નિભાવવાની પ્રતિજ્ઞા તમામ સ્વયંસેવકોએ લીધી હતી.

**શહેરના પાંચ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સે ૭૦ વૃક્ષો વાવ્યા**

ગાંધીનરના પાંચ ચાર્ટડ એકાઉન્ટન્ટસે સેક્ટર-૨૪ ચાર રસ્તા, સેક્ટર-૨૫ જીઆઈડીસી તથા સેક્ટર-૧૧માં એમ કુલ ત્રણેક વિસ્તારમાં કુલ ૭૦ વૃક્ષોનું વાવેતર કર્યુ હતુ. આ કાર્યમાં અરૂણ રાવલ, જતિન દરજી, પ્રતિરાજ



રાઓલજી, નિમેષ પટેલ તથા કલ્પેશ જાની વગેરે જોડાયા હતા અને વિશ્વ પર્યાવરણ દિવસની સ્વયંભૂ અનોખી પ્રેરણાદાયક ઉજવણી કરી હતી.

**ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીનું વૃક્ષારોપણ**

ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ તથા સુપ્રસિદ્ધ રાજસ્થાની કલાકાર સ્વ. કવીન હરીશને શ્રદ્ધાંજલિના ભાગરૂપે શહેરના સેક્ટર-૨૭માં એસઆરપી ગ્રાઉન્ડમાં ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ સેનાપતિ વી.આર. ઉલવા, સુરક્ષાસેતુ સોસાયટીના લાયઝન અધિકારી પી.સી. વાલેરા, એફડીસીડબલ્યુસીના સ્ટેટ પ્રેસિડેન્ટ અશ્વિન ત્રિવેદી, જનરલ સેક્રેટરી



અનિલ મોરે, ગાંધીનગર જનરલ સેક્રેટરી દિપક વ્યાસ ઉપરાંત ગણપત માંડા, આશિષ વાલેચા, તુષાર રાવલ, સંજય થોરાત, નિરવ શર્મા, કમલેશ પરમાર, કલ્પેશભાઈ, વિનાબા જાલા, સંગીતાબા, વિણાબા પરમાર, કમલેશ સીસોદિયા વગેરે સહિત સ્વયંસેવકો જોડાયાં હતા. વૃક્ષારોપણ બાદ



એફડીસીડબલ્યુસી દ્વારા શહેરના જરૂરિયાતમંદોને ખીચડી-છાશ તથા પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**આઈઆઈટીઈ અને ગેઝિયા દ્વારા વૃક્ષારોપણ**

શહેરના સેક્ટર-૧૫માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા વન વિભાગના માર્ગદર્શન તથા સહકારથી સંસ્થાના સંકુલ ખાતે અંદાજે ૧૨૫ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ ઉપરાંત શહેરની ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસી ખાતે ગેઝિયા અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા વૃક્ષારોપણમાં ૧૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

**બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ**

ગાંધીનગર-માણસા હાઈવે પર કુદરતના ખોળે ૨૦૦૯થી એન્જિનિયરીંગ, ફાર્મસી, બી.એસ.સી., બિ.કોમ., નર્સિંગના ઉચ્ચ અભ્યાસક્રમનું અવિરત શિક્ષણ આપતી બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સમગ્ર સંસ્થાઓમાં વિશ્વ પર્યાવરણ દિવસના સંદર્ભણાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કેમ્પસના વિશાળ પટાંગણમાં ઉજવાયો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર



પ્રો. રવિકુમાર, એન્જિનિયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ, ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા, બી.એસ.સી., બિ.કોમ. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. આકાશ પટેલ તથા સમગ્ર ટિચિંગ તથા નોન-ટિચીંગ સ્ટાફે એક-એક વૃક્ષનું રોપારણ કર્યુ હતુ અને વાવેલા વૃક્ષનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# નીટના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા જ નહીં પરિણામ પણ કસોટીરૂપ બન્યુ

**નીટની પરીક્ષાનુ પરિણામ જાહેર થયુ પણ .... વિદ્યાર્થીઓના હાથ ન લાગ્યુ : વેબસાઇટમાં ટેકનિકલ ક્ષતિના લીધે સમસ્યા સર્જાઇ : દેશમાંથી અંદાજિત ૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી**

ગાંધીનગર તા ૫

નીટની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પરિણામ લક્ષી ઉત્તેજના પ્રવર્તી હતી. પરંતુ માત્ર ગણતરીના સમયમાં જ પરિણામ દર્શાવતી વેબસાઇટ ટેકનિકલ ક્ષતિના લીધે ઓપન ન થતા વિદ્યાર્થીઓમાં હતાશાનુ મોજુ ફરી વળ્યુ હતુ. મોડી સાંજ સુધી મોટાભાગના ઉમેદવારો પોતાનુ પરિણામ મેળવવા મથામણ કરતા નજરે પડ્યા હતા. શિક્ષકો પણ આ સ્થિતિ વચ્ચે ત્રાહીમામ પોકારી ગયા હતા. બપોરના સમયે માત્ર ગણ્યાં ગાંઠ્યા ઉમેદવારો પરિણામ જાણી શક્યા હતા. જેના લીધે વિદ્યાર્થીઓની ધીરજ ખુટી હતી.

દર વર્ષે નીટની પરીક્ષા સી બી એસ સી બોર્ડ દ્વારા લેવામાં આવતી હતી જયારે આ વર્ષે પ્રથમવાર આ પરીક્ષા એન ટી એ દ્વારા લેવામાં આવી હતી.નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવાયેલી આ પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજનાનુ મોજુ ફરી વળ્યુ હતુ. પરંતુ પરિણામ વેબસાઈટ પર મુકાયા બાદ માત્ર થોડીવારમાં જ વેબસાઈટ ખુલવાનુ બંધ થઈ ગયુ હતુ. જયારે આ દરમિયાન કેટલાક પરીક્ષાર્થીઓને પરિણામ જાણવામાં સફળતા મળી હતી. પરંતુ આ સ્થિતિ વચ્ચે અન્ય વિદ્યાર્થીઓ પોતાનુ પરિણામ જાણવા માટે વધુ ઉત્સુક અને બેચેન બન્યા હતા. બીજીતરફ ટેકનિકલ ક્ષતિના લીધે વેબસાઈટ ઓપન ન થતા

**વેબસાઇટ ઓપન ન થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ દિવસ દરમિયાન ઘેરી ચિંતામાં ગોથે ચઢયા : મોડી રાત સુધી વેબસાઇટ ઓપન કરવા મથામણ કરી**

વિદ્યાર્થીઓ અને વાલીઓમાં દિવસ દરમિયાન કકળાટ સાથે રોષ પ્રવર્તયો હતો. મેડીકલ અને પેરામેડિકલમાં પ્રવેશ માટે અત્યંત મહત્વની આ પરીક્ષાનુ પરિણામ જાહેર થયા બાદ પણ વિદ્યાર્થીઓ જાણી ન શકતા દિવસ દરમિયાન આ નીટનુ પરિણામ ચર્ચાના કેન્દ્ર સ્થાને રહ્યુ હતુ. સમગ્ર દેશમાંથી અંદાજિત ૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી છે. ગત વર્ષ કરતા ૧૪ ટકા જેટલા વધુ ઉમેદવારોની સંખ્યા હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. મોડીરાત સુધી પરિણામ જાણવા માટે વાલીઓ અને વિદ્યાર્થીઓ પ્રયત્નસીલ રહ્યા હતા. સાઈટ પર લોડ વધવાના લીધે સર્વર ડાઉન થવા સહીતના ટેકનિકલ પ્રશ્નો ઉભા થતા નીટના વિદ્યાર્થીઓ માટે પરિણામ જાણવુ પણ અઘરી કસોટીરૂપ બન્યુ હતુ.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મિત્રો, જે રીતે ક્લાઈમેટ બગડી રહ્યું છે તે જોતા એવું લાગે છે કે આપણે વધુ સમય એન્વાયરમેંટ ડે મનાવવાની જરૂરી રહેશે નહીં...!!**

# સાદરા ખાતે દિવાલ ધરાશાઈ થતા એકનું મોત, ચારને ઈજા

**બપોરે ૧ વાગ્યાના અરસામાં ચણતર કામ ચાલતુ હતું તે સમયે દિવાલ ધસી પડી, સ્થાનિક નાગરીકો દ્વારા બચાવ કામગીરી હાથ ધરાઈ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે આજે બપોરના સુમારે એક મકાનની દિવાલનું ચણતર કામ ચાલી રહ્યું હતું. તે સમયે અચાનક દિવાલ ધરાશાઈ થતા મજુરો દટાઈ જવાનો કિસ્સો સામે આવ્યો હતો. ઘટનાને પગલે ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરી હતી. જેમાં એક વ્યકિતનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજ્યું હતું, જયારે અન્ય ચાર ઘાયલોને સારવાર માટે તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સાબરમતિ નદીના કિનારે આવેલા સાદરા ગામે મહેન્દ્રભાઈ ખોડીદાસ મોદીના મકાનનું કામ ચાલી રહ્યું છે. રાબેતા મુજબ કારીગરો અને મજુરો કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક બપોરના એક વાગ્યાના અરસામાં કારીગરો ચણતરનું કામ કરી રહ્યા હતા. તે સમયે અચાનક વર્ષો જુની મહેન્દ્રભાઈ મોદી અને ભદ્રેશભાઈ દરજીની કોમન દિવાલ ધસી પડતા અંદાજીત પાંચ જેટલા મજુરો દટાઈ ગયા હતા. સમગ્ર બનાવની જાણ વાયુવેગે ગામમાં પ્રસરી જતા તાત્કાલીક ગ્રામજનો મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. મગનભાઈ ડીંડોર, કલ્પેશ નાથુભાઈ બારીયા, મનિષાબેન પરેશભાઈ બારીયા અને સુરેખાબેન મુનીયાને બહાર નીકાળીને પહેલા સાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ વધુ





સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જયાં મગનભાઈને પગે ફ્રેકચર, કલ્પેશ બારીયાને માથાના ભાગે ઈજા તેમજ મનિષાબેન અને સુરેખાબેનને પણ શરીરે ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ છે. જયારે પોપટજી દેવજીભાઈ રાણા (ઉં.વ.-૪૦)નું દટાઈ જવાથી ઘટના સ્થળે જ મૃત્યું નિપજ્યું હતું. જયારે બનાવ અંગે ચિલોડા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ જમાદાર અલ્પેશભાઈ ચલાવી રહ્યા છે.

# કલોલ શહેરમાંથી જુગાર રમતા ૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એલસીબી પોલીસે કલોલ શહેરમાં આવેલા બારોટ વાસમાં રેઈડ પાડીને જુગાર રમતા ૭ શકુનીઓને પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૪૦,૭૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ એચ.કે.સોલંકી અને તેમની ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન અ.હે.કો. રણજીતસિંહ સરદારસિંહને બાતમી મળી હતી કે કલોલ બારોટ વાસમાં આવેલા કિરીટકુમાર આર.બારોટના મકાનમાં મદનલાલ જવાનજી રાજપુત (રહે.પંચવટી કલોલ)જુગાર રમાડી રહ્યો છે. જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર રેઈડ કરી જુગાર રમતા જીગ્નેશ રમેશ ગાંધી ઉં.વ.૫૧ રહે. રાધે એપાર્ટમેન્ટ ૧૦૧ કલોલ શહેર, જયસિંહ શંકરસિંહ વાઘેલા ઉં.વ.૩૦ રહે.ભીલની ચાલી છાપરામાં કલોલ શહેર, અશોક જીભાઈ પટેલ ઉં.વ.૬૩ રહે. ૯-૧૦૭ અમી એપાર્ટમેન્ટ શાસ્ત્રી નગર નારણપુરા અમદાવાદ, પુનમ કાનજી સોલંકી ઉં.વ.૫૮ રહે. ઉવારસદ પ્રજાપતિવાસ, રમેશ મનુ પટેલ ઉં.વ.૫૪ રહે કલોલ શહેર, મહેન્દ્રસિંહ નટવરસિંહ ગોહીલ ઉં.વ.-૩૩ રહે. ઈન્દ્રોડા ગામ દરબાર વાસ, રાણાજી પ્રતાપજી મકવાણા ઉં.વ.૪૬ રહે. ઈન્દ્રોડા ગામ ટીંબા વાસ ગાંધીનગરનાને પકડી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ રૂ. ૨૩૧૯૦ તેમજ મોબાઈલ નંગ-૮ કિ.રૂ.૧૭૫૦૦ તેમજ અન્ય મળી કુલ રૂ. ૪૦,૭૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી કલોલ શહેર પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ શરુ કરી છે.

## ચિલોડા એડીસી બેંક ખાતે રક્તદાન

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સ્થિત ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંક લિમિટેડ અને રેડક્રોસ સોસાયટી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન મંડળીના હોલ ખાતે કરવામાં આવ્યું હતું. રક્તદાન એજ મહાદાન સુત્રને સાર્થક કરવા બેંકના કર્મચારીગણ, મંડળીના હોદ્દેદારો, આજુબાજુ ગામોના સહકારી ક્ષેત્રે સંકળાયેલ સેવાભાવી યુવાન રક્તદાતાઓના સાથ-સહકારથી યોજાયેલી રક્તદાન શિબિરમાં કુલ ૧૫૨ રક્તદાતાઓએ રક્તદાન કરી સેવાયજ્ઞમાં સહભાગી બન્યા હતા.

# ચિલોડા સ્થિત બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય જગદંબાભવન ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેવા કેન્દ્રના પટાંગણમાં ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની



ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટના ચેરમેન અને પ્રગતિશીલ ખેડૂત શાંતુભાઈ પટેલ, શિવપુરાકંપા, આરોગ્યભારતી કર્ણાવતી શાખાના તથા યોગ નિષ્ણાંત યોગેશ જણસારી, નેશનલ હાઈવે ઓથોરીટીના મેનેજર જિતેન્દ્ર ચતુર્વેદી, પેરાલીગલ વોલન્ટીયર અને ચિલોડા ગ્રામ પંચાયતના સભ્ય નટુભાઈ પટેલ, હોમગાર્ડઝ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી વગેરે ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે પી.એલ.વી. નટુભાઈ પટેલે પર્યાવરણની સુરક્ષા, જાળવણી, પ્રદૂષણના માઠા પરિણામો, પ્રદૂણ અટકાવવા, પ્રદૂષણમુક્ત થવા, કાયદાકીય જોગવાઈ અંગે સમજણ પુરી પાડી હતી. આ કાર્યક્રમાં બ્રહ્માકુમારી કેન્દ્રના રાજયોગિની તારાદીદી અને પર્યાવરણવાદી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

# આજથી સે. ૬-બી માં સ્વામિનારાયણ મંદિરે દિવ્ય વચનામૃત પારાયણ

ગાંધીનગરના સેક્ટર-૬-બીમાં એસએમવીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૬ઠ્ઠી જુનથી તા. ૮મી જુન સુધી દિવ્ય વચનામૃત પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ પારાયણ દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાક દરમ્યાન યોજાશે. જયારે પૂર્ણાહૂતિના દિવસે પારાયણનો સમય સાંજે ૭ થી ૯.૩૦ કલાકનો રહેશે. દિવ્ય વચનામૃત પારાયણમાં દરરોજ વિશિષ્ટ પ્રસાદી તથા પૂર્ણાહૂતિના દિવસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. દિવ્ય સત્સંગ વચનામૃત પારાયણમાં ભક્તિ, સત્સંગ અને સેવાનો ત્રિવેણી સંગમ યોજાશે જેનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વિસનગરા નાગર પરિવારના અગ્રણી મહેશભાઈ રાવલના માતૃશ્રી કૈલાસબાનુ દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર વિસનગરા નાગર સમાજના અગ્રણી અને સરઢવના વતની મહેશભાઈ ડી. રાવલના માતુશ્રી કૈલાશબેન ડી. રાવલનું આડે ૯૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયુ છે. સ્વર્ગસ્થની આજે તેમના નિવાસસ્થાન સે. ૭ ખાતેથી નીકળેલી અંતિમ યાત્રામાં પુત્ર, પૌત્ર અને દોહિત્રો ઉપરાંત નાગર સમાજના અગ્રણીઓ, કર્મચારી આગેવાનો તેમજ સામાજિક સંસ્થાના અગ્રણીઓ જોડાયા હતા.

સ્વર્ગસ્થ કૈલાસબેન રાવલનું બેસણુ ૯મી જુનને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ પટેલ વાડી સે. ૭ ખાતે રાખવામાં આવેલ છે.

કૈલાસબેન રાવલ તેમની પાછળ વિશાળ પરિવારને વિલાપ કરતાં છોડી ગયા છે. કૈલાસબેન સરઢવ ગ્રામ પંચાયતમાં પણ સભ્ય તરીકે દસ વર્ષ સેવાઓ આપી હતી. શિક્ષણ અને સમાજ સેવાક્ષેત્રે સ્વર્ગસ્થ કૈલાસબેને વધુ પ્રદાન કર્યુ છે.

